૬૦૨/૩,૧૨૪

BAPS

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦)** **સત્સંગ પ્રવીણ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

**વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવીણ - સાતમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૭**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''માટે તેમનો સમાગમ કરવો.'' (૯૭)

૨. ''તમારું ને અમારું ક્યાં નોખું છે.'' (૫૯)

૩. ''લોયા ગામમાં ઘી-દૂધ ક્યાં મળે છે ?'' (૭૫)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં)** [૯]

૧. 'વેદરસ' ગ્રંથ સર્વેને માટે અતિશય ઉપયોગી છે. (૩૪)

૨. શ્રીજીમહારાજે રામબાઈના પાણીના ઘડામાં પોતાના ચરણ બોળ્યા. (૭૩)

૩. કલ્યાણદાસ લગ્નમંડપમાંથી નીકળી ગયા. (૧૨)

૪. કૃપાનંદ સ્વામીના મંડળમાં પોલ નભે નહિ. (૫૪)

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. સત્સંગીજીવન (૩૬) **અથવા** ૨. ધ્યાન (૪૦)

૩. જેઠા મેર (૫૧) **અથવા** ૪. મછિયાવનાં ફઈબા (૧૭)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. કયા વચનામૃત દ્વારા ભગવાન અંતર્ધાન થતા નથી ? (૭૨)

૨. ડોસાભાઈને શા માટે સંસાર બાધ કરી શકે તેમ નહોતો ? (૮૫)

૩. ઉકા ખાચરનું મોડા આવવાનું કારણ જાણી મહારાજે શું કર્યું ? (૧૦)

૪. ભગવાન અને ભગવાનના ભક્તની સરખી સેવાના ફળની વાત કયા વચનામૃતમાં છે ? (૪૪)

૫. એકાંતિક ધર્મ કોને કહેવાય ? (૫૭)

૬. જેને ભગવાનની મૂર્તિનું ચિંતવન થતું હોય તે શું પામે છે ? (૬૨)

**પ્ર.૫** 'ભગવાન જીવના ગુના સામું......' (૮૨) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** [૫]

**વિષય :- ભક્તરાજ મગનભાઈ (૯૪-૯૭)**

**૧.** પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળની સ્થાપના મગનભાઈના શુભ હસ્તે ટરોરોમાં થઈ. **૨.** મગનભાઈ વ્યસનોમાંથી મુક્ત થયા. **૩.** ભક્તરાજ મગનભાઈ એટલે આફ્રિકા સત્સંગ મંડળના પ્રણેતા. **૪.** સ્વામી નિર્ગુણદાસજી દ્વારા તેઓ હરમાનભાઈના યોગમાં આવ્યા. **૫.** શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'હું મગનભાઈ દ્વારા આફ્રિકામાં કાર્ય કરી રહ્યો છું.' **૬.** શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદને લીધે કીજાબેમાંથી આખા યુગાન્ડામાં સત્સંગ ફેલાયો. **૭.** હરમાનભાઈ મગનભાઈના સંપર્કમાં આવ્યા. **૮.** ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજને કે સહજાનંદ સ્વામીને યાદ કરતાં તેઓ હૈયાફાટ રુદન કરતા. **૯.** યોગીજી મહારાજે ચાર વાર આ ભૂમિને પોતાના પાદસ્પર્શથી પાવન કરી. **૧૦.** સતત વીસ વર્ષ સુધી આફ્રિકામાં તેમણે અનેક સમૈયાઓમાં અસંખ્ય હરિભક્તોને વાતો કરી.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો.** [૮]

૧. કેદી દેશો મા સંસારી સુખ ....... અહંકારી સ્વભાવ. (૭૭)

૨. વહાલા તારી આંગળીઓની ....... હમણાં મળો રે લોલ. (૬૪)

૩. જયસિ ત્વં ભજત ....... દૃષ્ટિ પામી. (૯)

૪. ધ્યાન ધર ધ્યાન ધર ....... ભક્તનાં મન લોભે. (૧૬)

**પ્ર.૮ નીચે આપેલા જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૬]

૧. ॐ श्रीक्षमानिधये नमः ...... ॐ श्रीस्वतंत्रताय नमः । (૪૭)

૨. बाह्यान्त ...... शरणं प्रपद्ये । (૨૫)

૩. यन्नामधेयश्रवणानुकीर्तना ....... भगवन्नु दर्शनात् । - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. (૯૩)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવીણ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

## વિભાગ-૨ : ગુણાતીતાનંદ સ્વામી - આઠમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''હમણાં મહારાજના કાંઈ સમાચાર નથી. પણ ગઢડે હશે.'' (૨૩)

૨. ''અમારે તમારા શરીરની ચિંતા છે.'' (૨૫)

૩. ''અમે તો શાસ્ત્રનાં પોથાંને અધ્ધર લટકાવી રાખીએ છીએ.'' (૫૩)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં)** [૯]

૧. આત્માનંદ સ્વામીએ સ્વામીને પ્રસાદી ન આપી. (૬૮)

૨. મોટાપુરુષમાં વિશ્વાસ આવવો બહુ કઠણ છે. (૭૧)

૩. બ્રહ્માનંદ સ્વામીએ જૂનાગઢના મહંત વિચારીને નીમવાની વાત કરી. (૪૨)

૪. વાસુદેવચરણદાસને અલૌકિક શાંતિનો અનુભવ થયો. (૫૮-૫૯)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. ક્ષમાશીલ (૨૮)　　૨. મૂર્તિમાં રસબસ. (૩૫)　　૩. જીવની અવળાઈ. (૬૬)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. સ્વામી મહારાજનાં દર્શનના લોભે ક્યાં સુધી સાથે દોડ્યા ? (૩૬)

૨. શ્રીજીમહારાજે મૂળજી ભક્તને કયા દિવસે ગૃહત્યાગ કરવાની આજ્ઞા કરી ? (૧૩)

૩. વધેલા મઠ સ્વામી જમી ગયા તેથી રામદાસ સ્વામીએ શું કહ્યું ? (૩૧)

૪. રામાનંદ સ્વામીએ ભોળાનાથને શું આશીર્વાદ આપ્યા ? (૨)

૫. જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત કોની હાજરીમાં થયું ? (૪૦)

૬. અક્ષર કયા સ્વરૂપે મહારાજની સેવામાં છે ? (૧૯)

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** [૪]

૧. માન અપમાન મેં એકતા. (૭૬)　　૨. સેવાવૃત્તિ. (૨૭)　　૩. સેવા કરે તે જ મહંત. (૬૮)

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ કોને-કોને સમાધિ કરાવી ? (૫૨, ૭૨)

(૧) ☐ વાલેરો વરુ.　　(૨) ☐ મૂંજો સુરુ

(૩) ☐ તુલસી દવે　　(૪) ☐ હંસરાજ પટેલ

૨. ગુણાતીતાનંદ સ્વામીના નિષ્ઠાવાન હરિભક્તો (૬૪)

(૧) ☐ કમીગઢના રયો દેસાઈ　　(૨) ☐ ચાડિયાના કરસન બાંભણિયો

(૩) ☐ હામાપરના રામ ભંડેરી　　(૪) ☐ બગસરાનો વેલો સથવારો

૩. ગુણાતીતાનંદ સ્વામીએ બતાવેલું ઐશ્વર્ય (૩૫, ૪૯)

(૧) ☐ તેજને પોતામાં સમાવી દીધું.　　(૨) ☐ ડોસાભાઈને સાધુ બનાવ્યા.

(૩) ☐ વસ્તાને સાધુ બનાવ્યો.　　(૪) ☐ વરસાદને રોકી રાખ્યો.

૪. શ્રીજીમહારાજે મૂળજીનો મહિમા કોને-કોને કહ્યો ? (૯, ૧૨)

(૧) ☐ વશરામ સુથાર　　(૨) ☐ સાકરબા

(૩) ☐ નથુ વાળંદ　　(૪) ☐ બાવાજી

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**